પૂર્વછાયો- ધન્ય ધન્ય ધુવા ગામમાં, જ્યાં ભક્ત રહે ભાવિક ।
સહાય કરી જેની શ્યામળે, તેહ કહું હવે કાંઈક ॥૧॥
લુવાર ભક્ત લુકી નામે, આવ્યો તેહના દેહનો કાળ ।
અંતસમે અલબેલડો, આવ્યા તેડવા દયાળ ॥૨॥
સંત સહિત શ્યામળો, પધાર્યા પ્રકટ આપ ।
દર્શન દીધાં દાસને, સહુ નિરખી થયાં નિષ્પાપ ॥૩॥
સતસંગી કુસંગી સહુએ, દિઠા પ્રકટ પ્રમાણ ।
નહિ સ્વપ્ન સાક્ષાત જાણો, આવ્યા શ્યામ સુજાણ ॥૪॥

ચોપાઇ- લુકી લાગ્યો લળીલળી પાય, નિર્ખિ નાથ તૃપત ન થાય ।
કહે નાથ લુકી તારે કાજ, આવ્યા તેડવાને અમે આજ ॥૫॥
માટે તરત થાઓ તૈયાર, ચાલો વેળ ન કરો લગાર ।
ત્યારે લુકીએ તજીયા પ્રાણ, ચાલ્યો નાથને સાથે સુજાણ ॥૬॥
સહુ જોઈ રહ્યા બહુ જન, દેખી આશ્ચર્ય કહે ધન્યધન્ય ।
ઘણા મરે છે આ ગામમાંય, આવે જમ લેવા લઈ જાય ॥૭॥
પણ તેડવા આવે મહારાજ, એવું તો અમે દીઠું છે આજ ।
માટે આતો વારતા અલેખે, થયો પરચો સહુ જન દેખે ॥૮॥

વળી ભક્ત લુવાર તે કહીએ, પ્રાણનાથ નામે તેહ લહીએ ।
તેને પ્રભુમાંહિ પ્રીત ઘણી, કરે પૂજા નિત્ય પટતણી ॥૯॥
તેને ઘેર પધારી ગોવિંદ, પાડી આપ્યાં ચરણારવિંદ ।
વળી સહુને દિધાં દર્શન, નિર્ખિ નાથને થયાં મગન ॥૧૦॥
કહે ધન્યધન્ય મહારાજ, આતો પરચો પામ્યા અમે આજ ।
થયાં પ્રકટ પ્રમાણ દર્શન, પાડ્યાં પગલાં થઈ પ્રસન્ન ॥૧૧॥
આતો વાત અતિશય મોટી, હશે પાપી તે પરઠશે ખોટી ।
વળી પ્રાણનાથનો જે તાત, નામ કેશર કહું તેની વાત ॥૧૨॥
હતો કબીરના મતમાંહિ, નોતિ પ્રભુમાં પ્રતીત કાંઈ ।
તેના દેહનો આવિયો કાળ, આવ્યા તેડવા જમ તતકાળ ॥૧૩॥
તેહ હતો વિષય અભિલાષી, ગયો જમના હાથથી નાશી ।
તર્ત પામિયો ભૂતનો દેહ, પાછો જઈ રહ્યો નિજગેહ ॥૧૪॥
કરે હોહોકાર વાણી ઘણી, થઈ કબીરિયો બણીઠણી ।
એની સ્ત્રીના દેહમધ્યે આવી, કરી પ્રવેશ તેને બોલાવી ॥૧૫॥
કહે સ્વામિનારાયણ સત્ય, એહ વિના બીજા છે અસત્ય ।
સ્વામી પ્રકટ પ્રભુ પ્રમાણ, એહ વિના બીજે નથી કલ્યાણ ॥૧૬॥
કબીરિયા મોટામોટા મેત, માનો સહુ થયા ભૂત પ્રેત ।
કરતા ખંડન તીર્થ ને વ્રત, તેનું અઘ આવ્યું છે જો તર્ત ॥૧૭॥
કહેતા પ્રભુના અવતાર ખોટા, તેહ પાપે ભૂત થયા મોટા ।
માટે કબીરિયા કોઈ મ થાજ્યો, થઈ આસ્તિક હરિગુણ ગાજ્યો ॥૧૮॥
પ્રાણનાથની વાતો સાંભળજ્યો, જેમ કહે તેમ સહુ કરજ્યો ।
પુણ્ય પવિત્ર છે પ્રાણનાથ, તેણેકરી હું થયો સનાથ ॥૧૯॥
સુણી એના મુખનું ભજન, તર્ત છૂટ્યો હું ભૂતનું તન ।
હવે જાઉં છું હરિને ધામ, સુણી સ્વામિનારાયણ નામ ॥૨૦॥
એમ બોલ્યો એ બાઈમાં રઈ, સહુએ સાંભળિયું કાન દઈ ।
કહે ધન્યધન્ય આજ સ્વામી, બીજા મત તે લુણહરામી ॥૨૧॥
જીવો કબીરિયો ભૂત થઈ, બોલ્યો પોતાની સ્ત્રીમાં રઈ ।

સાચા કહ્યા સહજાનંદ સ્વામી, બીજા કહ્યા તે કપટી કામી ॥૨૨॥
માટે એથી વાત મોટી કહી, થયો સાચો પરચો ફેર નહિ ।
વળી બીજી વાત છે અનુપ, સુણો સતસંગી સુખરૂપ ॥૨૩॥
વળી એ ગામના હરિજન, કરે પ્રકટ પ્રમાણ ભજન ।
ખરો વિશ્વાસ તે ઉર આણી, સ્વામી વિના વદે નહિ વાણી ॥૨૪॥
કરે સમૈયા સર્વે સંભાળી, અષ્ટમી એકાદશી દીવાળી ।
જેજે હરિના જન્મ દિવસ, કરે ઉત્સવ તેદિ અવશ્ય ॥૨૫॥
એમ કરતાં આવી છે હોળી, રમે નરનારી મળી ટોળી ।
નાખે ધુડ્ય ને ભાખે ગાળિયો, કરે હોહો ને પાડે તાળિયો ॥૨૬॥
એવી રીત્ય સતસંગી જોઈ, એહ પેરે રમે નહિ કોઈ ।
સહુ બેસે મંદિરમાં મળી, કરે વાત પ્રભુજીની વળી ॥૨૭॥
એમ કરતાં હુતાશની આવી, સર્વે હરિજનને મન ભાવી ।
લાવ્યા ગુલાલ કઢાવ્યા રંગ, માંહોમાંહિ રમવા ઉમંગ ॥૨૮॥
પછી સજજ થયા સહુ જન, જાણી મોટો ઉત્સવનો દન ।
નાખે રંગ ઉડાડે ગુલાલ, તેણે સહુ થયા રંગલાલ ॥૨૯॥
મુખે બોલે નારાયણ નામ, પાડે તાળી જાણે સહુ ગામ ।
અતિપ્રેમમાં મગન સહુ, હૈયે હેત પ્રીત્ય વળી બહુ ॥૩૦॥
તેનું હેત જોઈ હરિરાય, આવ્યા અલબેલો તર્ત ત્યાંય ।
આવી ભળ્યા મંડળીમાં નાથ, રાચ્યા રમવા જનને સાથ ॥૩૧॥
તાળી ભેળી પાડે હાથે તાળી, ધુન્ય ભેળી કરે ધુન્ય વળી ।
રમે દાસ સાથે રંગભીનો, કરે ઉત્સવ હુતાસનીનો ॥૩૨॥
પ્રભુ પોત્યે પ્રકટ પ્રમાણ, રમે જનને સંગે સુજાણ ।
સહુ કરે દરશન દાસ, અતિ રૂપરાશિ અવિનાશ ॥૩૩॥
દિઠા સત્સંગી કુસંગી જને, જોઈ આશ્ચર્ય પામિયા મને ।
કહે મહારાજ છે પરદેશે, આંહિ આવ્યા છે અલૌકિક વેશે ॥૩૪॥
જેને નિરખવા હોય તે નિરખો, વળી પરખવા હોય તે પરખો ।
એમ કરતાં માંહોમાંહિ ઉચ્ચાર, પ્રભુ અદેશ્ય થયા તે વાર ॥૩૫॥

પછી સર્વે રહ્યા છે વિમાશી, કહે ક્યાં ગયા અવિનાશી ।
એક કહે રમ્યા મુજસાથે, એક કહે લીધી તાળી હાથે ॥૩૬॥
એક કહે હતા મારે પાસ, મારે હતી મળવાની આશ ।
આતો આપણે ન જાણ્યું કાંઈ, ચડ્યા રમાવાના તાંનમાંઈ ॥૩૭॥
ત્યારે એક કહે સાંભળો જન, મોટાં ભાગ્ય થયાં દરશન ।
હવે ઓરતો મ કરો કાંઈ, રાખો મૂરતિ અંતરમાંઈ ॥૩૮॥
થયો પરચો જાણજ્યો જન, મોટાં ભાગ્ય માનો ધન્યધન્ય ।
એહ રીત્યે અપરમપાર, થાય પર્ચા હજારે હજાર ॥૩૯॥
કોઈકને ઘરે જમે આવી, કોઈકને આપે હાર લાવી ।
કોઈકને કરતાં ભજન, થાય પ્રકટ પ્રમાણ દર્શન ॥૪૦॥
નિત્ય ધુન્ય કરે આવી સાથે, પાડે પ્રકટ તાળી બે હાથે ।
એમ આપે પરચા અપાર, કહેતાં લખતાં ન આવે પાર ॥૪૧॥
અંતકાળે તો અવશ્ય આવે, એ બિરૂદ કેદિ ન બદલાવે ।
જે કોઈ સ્વામિનારાયણ કેય, તેના માથે નથી કેનો ભેય ॥૪૨॥
માટે રહો નિર્ભય નિઃશંક, મળ્યે મહારાજ ન રહેવું રંક ।
જેને પાસે હોય ચિંતામણિ, કેમ દુઃખી રહે તેહ ધણી ॥૪૩॥
તેમાં કંગાલ રહે નર કોય, એના ચિંતવ્યામાં ફેર હોય ।
તેમ પ્રકટ મળ્યે મહારાજ, સરે સર્વે પેરે વળી કાજ ॥૪૪॥
તેમાં દુઃખી રહે જેહ જન, તેને તેવું જ છે ચિંતવન ।
હરિ કલ્પવૃક્ષસમ કાવે, નિશ્ચે નિષ્કુળાનંદ એમ ગાવે ॥૪૫॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને પંચાવનમું પ્રકરણમ્ ॥૧૫૫॥